જા.ક્ર.:મા-૧/૨૦૨૪/૫૭૧૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૧૪/૦૫/૨૦૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૧૩/૦૫/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/પરીક્ષા/માર્ચ-૨૦૨૪/૩૨ની જાણ તથા અમલવારી સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

SSC પરિપત્ર

ક્રમાંક : મઉમશબ/માધ્યમિક/પરીક્ષા/માર્ચ-2024/32
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર
તા. 13-05-2024

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ નોંધાયેલ માધ્યમિક શાળા,
ગુજરાત રાજ્ય

**વિષય : એક, બે કે ત્રણ વિષયમાં અનુત્તીર્ણ થનાર એસ.એસ.સી. માર્ચ-2024ના ઉમેદવારો માટે લેવામાં આવનાર પૂરક-2024 પરીક્ષા તથા દફ્તર ચકાસણી બાબત.**

આથી ગુજરાત રાજ્યની તમામ નોંધાયેલી માધ્યમિક શાળાઓના વડાઓને જણાવવાનું કે, પ્રવર્તમાન પરીક્ષા વિનિયમો અનુસાર જે વિદ્યાર્થીઓ માર્ચ-2024ની પરીક્ષામાં ગેરહાજર રહેલ હોય અથવા એક, બે કે ત્રણ વિષયમાં **'અનુત્તીર્ણ હોવાને કારણે સુધારણાને અવકાશ'** ધરાવે છે અને એક, બે કે ત્રણ વિષયની પરીક્ષા આપવા ઇચ્છતા હોય તો તેવા પરીક્ષાર્થીઓ વર્ષ-2024ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. આ પૂરક પરીક્ષાનાં આવેદનપત્રો બોર્ડની વેબસાઇટ www.gseb.org પરથી ઓનલાઇન ભરવાના રહેશે. આવેદનપત્રો તથા ફી શાળા દ્વારા ફક્ત ઓનલાઇન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે. (રૂબરૂ આવેદનપત્રો સ્વીકારવાની પદ્ધતિ અમલમાં નથી.)

માર્ચ-2024ની ધોરણ 10 એસ.એસ.સી. પરીક્ષામાં ગેરહાજર રહેલ હોય અથવા એક, બે કે ત્રણ વિષયમાં અનુત્તીર્ણ થયેલ **'સુધારણાને અવકાશ'** ધરાવતા પરીક્ષાર્થીઓની શાળાવાર યાદી એક નકલમાં તૈયાર કરી જે-તે શાળાને માર્ચ-2024ના પરિણામ સાથે મોકલવામાં આવશે. શાળાઓને મોકલેલ તે પૈકી પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગતા પરીક્ષાર્થીની પૂરક પરીક્ષામાં બેસવાની સંમતિ બોર્ડે મોકલેલ (ONE, TWO OR THREE SUBJECT FAIL LIST)માં સહી મેળવી જરૂરી વિગત અને આધારો આચાર્યશ્રીએ દફતરે રાખી પૂરક પરીક્ષાનું આવેદન બોર્ડની વેબસાઇટ www.gseb.org પરથી ઓનલાઇન ભરવાનું રહેશે. શાળાને મોકલેલ યાદી ફક્ત જાણ માટે જ છે. ઉમેદવારો માટે ફીની રકમ **એક વિષય માટે રૂ. 145/-**, બે વિષય માટે **રૂ. 205/-** અને **ત્રણ વિષયો માટે રૂ. 265/-** રહેશે.

**ખાસ નોંધ : કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે તેથી કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવાર પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા-2024 માટે ઓનલાઇન આવેદન (રજિસ્ટ્રેશન) કરવું ફરજિયાત છે. શૂન્ય (0) ફી રિસીપ્ટ રજિસ્ટ્રેશનના આધાર તરીકે સાચવી રાખવાની રહેશે. જરૂર પડે ત્યારે બોર્ડ સમક્ષ રજૂ કરવાની રહેશે.**

કોઈ કારણસર કોઈ ઉમેદવાર એક, બે કે ત્રણ વિષયમાં સુધારણાને અવકાશ ધરાવતો હોય અને પૂરક પરીક્ષામાં બેસવાની પાત્રતા ધરાવતો હોવા છતાં તેનું નામ શાળાઓને પરિણામ સાથે મોકલાવેલ યાદીમાં તેમજ ઓનલાઇન યાદીમાં ન હોય તો તેના ગુણપત્રક અને S.R.ની ખરાઈ કરીને આચાર્ય દ્વારા આ સાથે આપવામાં આવેલ પરિશિષ્ટ-4માં તે ઉમેરી જરૂરી આધારો અને ફી મેળવી પરિશિષ્ટ-Aની એક નકલ સાથે રૂબરૂ બોર્ડની માધ્યમિક શાખાને મોકલવાની રહેશે.

1. સામાન્ય વિદ્યાર્થીઓ અને શારીરિક/માનસિક દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓની ઓળખ સરળતાથી થઈ શકે તે માટે S.R.માં દિવ્યાંગ બાળક સામે **Differently Abled** લખેલ છે. જેમાં મુક્તિ મેળવવા માટે દરેક વિષયમાં ઓછામાં ઓછા 20 ટકા ગુણ પ્રાપ્ત કરેલ હોવા જોઈશે. (બોર્ડ પરીક્ષાના 80માંથી 16 ગુણ તથા આંતરિક મૂલ્યાંકનના 20માંથી 4 ગુણ)
2. પૂરક પરીક્ષા માટે દરેક જિલ્લા માટે પરીક્ષાનું એક જ કેન્દ્ર રાખવામાં આવે છે. પૂરક પરીક્ષાના કેન્દ્રોની યાદી આ સાથેના પરિશિષ્ટમાં સામેલ છે.

3. માર્ચ-2024 ધોરણ 10ની પરીક્ષામાં શાળાકક્ષાના વિષયોમાં થિયરી તથા પ્રાયોગિક પાસું ધરાવતા વિષયમાં પરીક્ષાર્થીઓ **'સુધારણાને અવકાશ'** થયા હોય તો તેમની થિયરી/પ્રાયોગિક પૂરક પરીક્ષા જે તે શાળાએ પૂરક પરીક્ષા પહેલાં લેવાની રહેશે તથા ગુણની વિગતો બોર્ડ દ્વારા લેવામાં આવનાર પૂરક પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધીમાં બોર્ડને મોકલવાની રહેશે. **(પરિશિષ્ટ-અ)**

4. શાળાકીય વિષયની પૂરક પરીક્ષા શાળાકક્ષાએથી લેવાની રહેશે. જેનું પ્રશ્નપત્ર પણ શાળાકક્ષાએ કાઢવાનું રહેશે. મેળવેલ ગુણ નમૂના 'અ' માં બોર્ડની ગાંધીનગર (માધ્યમિક શાખા)માં શાળાના પત્ર સાથે રૂબરૂ બોર્ડની માધ્યમિક શાખામાં મોકલી આપવાના રહેશે.

5. પૂરક પરીક્ષાનો કાર્યક્રમ, પ્રવેશિકા અને પ્રશ્નપત્રનો સમય બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે તથા ઉમેદવારોને મળનાર પ્રવેશિકામાં પરીક્ષાની તારીખ, સમય અને વિષયનો ઉલ્લેખ કરવામાં આવશે.

6. પૃથક્ ઉમેદવારો તથા માર્ચ-2024માં જેણે પરીક્ષા ન આપી હોય તેવા પરીક્ષાર્થીઓ આગામી 2024ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે નહીં.

(B) બોર્ડ દ્વારા 6 (છ) વિષયો પૈકી પરીક્ષાર્થીઓ કોઈ પણ વિષય/વિષયોમાં પરીક્ષા આપેલ હોવા છતાં તે વિષયમાં ગુણપત્રકમાં ગેરહાજર દર્શાવેલ હોય તેવા કિસ્સાઓમાં દફતર ચકાસણીની અરજી પરિણામ (ઓનલાઇન) જાહેર થયાની તારીખથી દિન-10માં બોર્ડની ગાંધીનગર કચેરીમાં માધ્યમિક શાખામાં રૂબરૂ સ્વીકારવામાં આવશે. દફતર ચકાસણી અંગેનો નિયત અરજીનો નમૂનો **પરિશિષ્ટ-9** આ સાથે સામેલ છે. આ દફતર ચકાસણીની અરજી શાળાના આચાર્યશ્રી મારફતે મોકલવાની રહેશે. અરજી સાથે ગુણપત્રક અને ફી-રસીદ (HALL TICKET)ની ઝેરોક્ષ નકલ આચાર્યશ્રીએ પ્રમાણિત કરી જોડવાની રહેશે. નિયત સમયમર્યાદા પછી મળેલ અથવા ઉમેદવારે બારોબાર મોકલાવેલ કે શાળાના આચાર્યશ્રીના સહી/સિક્કા સિવાયની અરજીઓ ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં.

1. નામ, અટક, જોડણી અને દફતર ચકાસણીની અરજીઓ ફક્ત બોર્ડની કચેરીમાં મદદનીશ સચિવશ્રી (માધ્યમિક), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, માધ્યમિક વિભાગ, ગાંધીનગર ખાતે સાધનિક કાગળો સાથે રૂબરૂ અથવા રજિસ્ટર્ડ ટપાલથી મોકલવાની રહેશે. પરિશિષ્ટ-4, 4-અ, શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ, જી.આર.નો ઉતારો તથા અસલ ગુણપત્રક સાથે મોકલવાનું રહેશે. **(માર્ચ-2024ના ઉમેદવારો માટે પરિણામ જાહેર થયાથી ત્રણ મહિના સુધી કોઈ પણ ચાર્જ લીધા સિવાય નામ/અટક/જન્મતારીખના સુધારા બોર્ડ દ્વારા કરવામાં આવે છે.)**

2. શાળા દ્વારા લેવાયેલ વૈકલ્પિક વિષય/વિષયોની પરીક્ષામાં પ્રાપ્ત કરેલ ગુણ શાળાના રેકર્ડ પ્રમાણે બોર્ડના ગુણપત્રક સાથે મળતા ન આવે અથવા 'AO' ગેરહાજર અથવા 'XO' મુક્તિ આવે તેવા કિસ્સામાં ગુણ ચકાસણીની અરજી ન કરતાં નિયત દફતર ચકાસણીના ફોર્મમાં શાળા દ્વારા દરખાસ્ત કરવાની રહેશે. જે સાથે શાળાના આચાર્ય દ્વારા શાળાના રેકર્ડ મુજબ જે-તે વિષયમાં પરિણામ હોય તે પ્રમાણિત કરી જે-તે વિષયમાં ગુણ સ્પષ્ટ દર્શાવવાના રહેશે.

3. શાળાકીય આંતરિક મૂલ્યાંકનમાં શાળાના રેકર્ડ સાથે વિસંગતતા જણાતી હોય તો ONLINE ગુણ દાખલ કર્યાના આધારોની પ્રિન્ટઆઉટ સાથે કેસ-ટુ-કેસ દરખાસ્ત નીચે સહી કરનારને કરવાની રહેશે.

4. પૂરક પરીક્ષા માટેના ફોર્મ બોર્ડની વેબસાઇટ www.gseb.org પરથી ઓનલાઇન ભરવાના રહેશે. જેની જાણ જાહેર માધ્યમો દ્વારા કરવામાં આવશે.

5. આગામી વર્ષ - 2024 પૂરક પરીક્ષા માટે આવેદન કરવાની તથા ઓનલાઇન ફી ભરવાની સૂચનાઓ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર મૂકવામાં આવશે. જેનો અભ્યાસ કરી ફી ચૂકવવાની કાર્યવાહી કરવાની રહેશે.

6. માર્ચ-2024ની પરીક્ષા માટે નોંધાયેલ નિયમિત ઉમેદવારે ઉત્તીર્ણ (પાસ) થવા માટે શાળાકીય આંતરિક મૂલ્યાંકનમાં 20 પૈકી ઓછામાં ઓછા 7 અને બોર્ડની પરીક્ષામાં 80 માંથી ઓછામાં ઓછા 26 ગુણ પ્રાપ્ત કરવા આવશ્યક છે. અમુક પરીક્ષાર્થીઓના કેસમાં કુલ 100માંથી પ્રાપ્ત કરેલ ગુણ 33 કરતાં વધારે હોય પણ બોર્ડની પરીક્ષામાં

26 કરતા ઓછાં ગુણ હોય તો પરીક્ષાર્થી ઉત્તીર્ણ (પાસ) થતો નથી. આવા ઉમેદવારોને ઉત્તીર્ણ (પાસ) ગણી લેવાના કિસ્સા ભૂતકાળમાં બનેલ છે, તે બાબતનું પુનરાવર્તન ન થાય તે ધ્યાને લેવા વિનંતી છે.

**વિશેષ નોંધ :** શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/1119/857/છ તા. 02-12-2021 અન્વયે માર્ચ-2024ની ધોરણ 10 એસ.એસ.સી. પરીક્ષામાં બેઝિક ગણિત (18)થી ઉત્તીર્ણ થયેલ છે અને તેઓએ શૈક્ષણિક વર્ષ-2024-25 દરમ્યાન ધોરણ 11 વિજ્ઞાન પ્રવાહમાં A અથવા AB ગ્રુપમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તેઓએ વર્ષ -2024ની પૂરક પરીક્ષામાં સ્ટાન્ડર્ડ ગણિત (12)ની પરીક્ષામાં પૃથક્ ઉમેદવાર તરીકે ઉપસ્થિત થઈ શકશે. આવા ઉમેદવારોએ જે શાળામાંથી ધોરણ 10 એસ.એસ.સી.નું આવેદનપત્ર ભરેલ હોય તે શાળામાંથી જ પૃથક્ ઉમેદવાર (આઇસોલેટેડ) તરીકે આવેદનપત્ર ભરવાનું રહેશે. આવેદનપત્ર ઓનલાઇન ભરવાનું રહેશે.

**(જે. કે. પટેલ)**
નાયબ નિયામક (પરીક્ષા)
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ રવાના કાર્યવાહી કરવા સારું :** જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ), ગુજરાત રાજ્ય

**સવિનય નકલ રવાના જાણ સારું :**

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
2. માનનીય નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
3. માનનીય નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
4. માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
5. માનનીય CAS, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

(જે શાળાને એક/બે/ત્રણ વિષયમાં અનુત્તીર્ણ પરીક્ષાર્થીઓની યાદી ન મળી હોય તે કિસ્સામાં આ નમૂના મુજબ યાદી બનાવી બોર્ડને રજૂ કરવાની રહેશે.)

GSHSEB Gandhinagar SSC Exam (March-2024) Page Number

## List of Students Eligible for 2024 Supplement Exam

| Sr. No. | Seat No. | Sub. Code | Name of Candidate | Signature of Candidate | Fees |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

Total No. of Students to appear :

Total Amount of Fees Paid :

Challan No. and Date :

Submission Date :

Declaration : The details of the above signed students are correct as recommended by the school for suplimentary exam to be held in 2024 except those who have not consented.

Signature of principal with stamp

Examination fees is as under
One subject fee is Rs. 145/-
Two subjects fee is Rs. 205/-
Three subjects fee is Rs. 265/-

કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ પરીક્ષાર્થીઓને સરકારશ્રીએ ફી ભરવામાંથી મુક્તિ આપેલ હોઈ તેઓ પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી.

## પરિશિષ્ટ-9 (દફ્તર ચકાસણી અરજીનો નમૂનો)

"ગેરહાજર" દર્શાવેલ અને તેવા કેસોમાં દફ્તર ચકાસણી મા૧ટે કરવાની અરજીનો નમૂનો
(સમયમર્યાદામાં મોકલેલી દફ્તર ચકાસણીની અરજીઓ માટે ફી ભરવાની રહેતી નથી.)

| દરખાસ્ત નંબર | |
|---|---|
| | |

પ્રતિ,
પરીક્ષા સચિવશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
માધ્યમિક પરીક્ષા વિભાગ,
સેક્ટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.

**વિષય : માર્ચ-2024ની પરીક્ષામાં માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા દફ્તરની ચકાસણી બાબત**

શ્રીમાન,

સવિનય હું માર્ચ-2024ની ધોરણ 10 એસ.એસ.સી.ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માટે દફ્તર ચકાસણી માટે અરજી કરું છું, જેની વિગતો નીચે પ્રમાણે છે.

1. જે વિષયમાં દફ્તર ચકાસણી કરાવવી હોય તે વિષયનું નામ :____________________
2. આ વિષયના પ્રશ્નપત્રમાં કઈ ભાષામાં જવાબ આપ્યા છે ? ____________________
3. ગુણપત્રકમાં આ વિષયની શું સ્થિતિ દર્શાવી છે ? ____________________
4. પરીક્ષાનું કેન્દ્ર અને બેઠક નંબર :____________________
5. જો ઉમેદવારે જવાબવહી ઉપર ખોટો બેઠક નંબર લખ્યો હોય તો જવાબવહી ઉપર જે બેઠક નંબર લખ્યો હોય તે પૂરાવા સહિત જણાવશો. :____________________
6. ઉમેદવારનું સંપૂર્ણ નામ (અટક સાથે) : ____________________
7. ઉમેદવારનું સરનામું : ____________________
8. જે વિષયમાં દફ્તર ચકાસણી માટે અરજી કરી હોય તે વિષયના ગમે તે સવાલના જવાબ દર્શાવતું આખું પાન ભરીને તેના નમૂના દાખલા હસ્તાક્ષર તે નીચે તેમની તથા આચાર્યશ્રીની સહી સહિતના સામેલ કરવા.
9. અરજી સાથે ઉમેદવારની ગુણપત્રકની નકલ તેમજ ફી રસીદની ઝેરોક્ષ નકલ અચૂક મોકલવી.

ઈતર નોંધ : ____________________

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી

સવિનય રવાના : મે. આચાર્યશ્રી મારફત

ક્રમાંક : ________________

તારીખ : ________________

શાળાનો ઈન્ડેક્ષ નંબર : ________________

સ્થળ : .________________

________________

તારીખ : ________________

શાળાના વડાની સહી/સિક્કો